## અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

## :-: ઓફીસ ઓર્ડર :-:

**હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૨૩, તા.૦૫/૦૬/૨૦૧૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં ચ્હા-કોફીની લારીઓમાં વપરાતા પ્લાસ્ટીકના કપ, પાણીના પાઉચ તથા પાન / મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પ્લાસ્ટીકના રેપર્સના વપરાશ, સંગ્રહ તથા ઉત્પાદન ઉપર તા.૦૫/૦૬/૨૦૧૮ ના રોજ થી મુકવામાં આવેલ પ્રતિબંધ બાબત..**

આથી જણાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક નં.સભમ/૧૩૨૦૧૮ / પર્યાવરણ દિવસ /૯૭૦/થ-૧ તા.૦૧/૦૬/૨૦૧૮માં જણાવ્યા અનુસાર સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પર્યાવરણ દિન નિમિતે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન વિષય પર તા.૦૫-૦૬-૨૦૧૮ થી તા.૧૧-૦૬-૨૦૧૮ દરમ્યાન "પર્યાવરણ અને સ્વછતા અભિયાન" સપ્તાહની ઉજવણી હાથ ધરવાની થાય છે. જેમાં સબંધિત વિભાગો દ્વારા જરુરી કાર્યવાહી કરવાની થાય છે. તેમજ ચાલુ વર્ષે ૫ જુન ૨૦૧૮ના રોજ "વિશ્વ પર્યાવરણ દિન" ને Beat Plastic Pollution થીમ પર ઉજવણી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં પ્લાસ્ટીક પ્રદુષણ હટાઓ, પર્યાવરણ બચાવો અંગે વિવિધ અવેરનેશના કાર્યક્રમો કરવામાં આવનાર છે.

અમદાવાદ શહેરમાં ચાની લારી ઉપર ચા-કોફી માટે પ્લાસ્ટીકના કપ તેમજ પાન ગલ્લા ઉપર પાન અને મસાલો બનાવવા વપરાતા પાતળા પ્લાસ્ટીક તથા જાહેર માર્ગ ઉપર વેચાતા પાણીના પાઉચનો નાગરીકો દ્વારા ઉપયોગ કરીને રસ્તા ઉપર ખુલ્લા ફેકી દેવામાં આવે છે અને જેના લીધે નીચે જણાવ્યા મુજબની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કેચપીટ / ગટર લાઇનમાં આ પ્રકારની વસ્તુઓ ભરાઇ જવાથી ગટર લાઇન ચોક-અપ થઇ જાય છે.
- વરસાદી સીઝન દરમ્યાન પાણીની લાઇનમાં આ પ્રકારની વસ્તુઓ ભરાઇ જવાથી ચોમાસાના પાણીનો નિકાલ થઇ શકતો નથી.
- આ પ્રકારના પ્લાસ્ટીક જમીનમાં વર્ષો સુધી પડયુ રહે તેમ છતાં નાશ થતો નથી, જે જમીનની ફળદ્રુપતા ઘટાડે છે અને જમીન પ્રદુષિત કરે છે.
- ગાય-ભેસ જેવા પશુઓ ખોરાકની સાથે પાતળા પ્લાસ્ટીક ખાવાથી ગંભીર બિમારીઓનો ભોગ બને છે.

જેથી જી.પી.એમ.સી. એકટ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ ૨૦૧૬ ને ધ્યાનમાં રાખી શહેરને પ્લાસ્ટીક પ્રદુષણ મુકત કરવાના અભિગમ સાથે વિશ્વ પર્યાવરણ દિનની થીમ "Beat Plastic Pollution" ને સફળ બનાવવા તથા પર્યાવરણની જાળવણી માટે હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૨૩, તા.૦૫/૦૬/૨૦૧૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેર વિસ્તારમાં ચ્હા-કોફીની લારીઓમાં વપરાતા પ્લાસ્ટીકના કપ, પાણીના પાઉચ તથા પાન/મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પ્લાસ્ટીકના રેપર્સના વપરાશ, સંગ્રહ તથા ઉત્પાદન ઉપર તા.૦૫/૦૬/૨૦૧૮ ના રોજ થી પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હકીકત જાણમાં લઈ હવે પછી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં ચ્હા-કોફીની લારીઓમાં વપરાતા પ્લાસ્ટીકના કપ, પાણીના પાઉચ તથા પાન/મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પ્લાસ્ટીકના રેપર્સના વપરાશ, સંગ્રહ તથા ઉત્પાદન કરતા એકમો સદર કાયદાનો અસરકારક અમલ કરે તે માટે હેલ્થ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા અન્ય સબંધિત વિભાગો દ્વારા હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ઠરાવ નં. ૨૩, તા.૦૫/૦૬/૨૦૧૮ અન્વયે જરુરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેમજ જે ધંધાકીય એકમ દ્વારા આ કાયદાનું પાલન કરતા ન જણાય તો તેવા એકમો સામે જી.પી.એમ.સી. એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેની સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ નોંધ લેવા જણાવવામાં આવે છે.

ઉપરોકત સૂચનાનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

તા.૦૫/૦૬/૨૦૧૮

મ્યુનિસિપલ કમિશનર